બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોના ફિક્સ પગારમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ : બમશ / ૧૧૧૫/૨૨/ગ.
સચિવાલય,ગાંધીનગર.

**તા. ૧૯ /૦૨/૨૦૧૯**

સંદર્ભ :

**(૧)** નાણા વિભાગનો તા. ૧૮/૧/૨૦૧૭નો ઠરાવ ક્ર: ખરચ/૨૦૦૨/૫૭/ પાર્ટ -૨/ઝ.૧

**(૨)** શિક્ષણ વિભાગનો તા. ૧૭/૧૦/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ.

પ્રસ્તાવના :

સંદર્ભ (૧) હેઠળના નાણા વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ ૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓના ફિક્સ પગારમાં સુધારો કરવામાં આવેલ છે.

સંદર્ભ (૧) હેઠળના નાણા વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવ અન્વયે આ વિભાગના સંદર્ભ (૨) હેઠળના તારીખ ૧૭/૧૦/૨૦૧૭ના ઠરાવથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને નીચે ગુજબની વિગતે પગાર વધારો મંજૂર કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તારીખ ૨૬/૯/૨૦૧૬ના ઠરાવથી મળતો ફિક્સ પગાર** | **સુધાર્યા મુજબનો ફિક્સ પગાર** |
|---|---|---|
| ૧ | રૂ. ૭૧૦૦ + ૧૯૦૦ = ૯૦૦૦ + ૧૫૦૦ ૧૦૫૦૦/- | રૂ. ૧૬૨૨૪-/ |
| ૨ | રૂ. ૭૮૦૦ + ૨૨૦૦ = ૧૦૦૦૦ + ૧૫૦૦ = ૧૧૫૦૦/- | રૂ. ૧૯૯૫૦-/ |
| ૩ | રૂ. ૧૩૫૦૦ + ૧૫૦૦ ૧૫૦૦૦ + ૧૫૦૦ = ૧૬૫૦૦/- | રૂ. ૨૫૦૦૦-/ |
| ૪ | રૂ. ૧૩૭૦૦ + ૧૮૦૦ ૧૫૫૦૦ + ૧૫૦૦ = ૧૭૦૦૦/- | રૂ. ૨૬૦૦૦-/ |

સંદર્ભ (૨) હેઠળના વિભાગના તારીખ ૧૭/૧૦/૨૦૧૭ના ઠરાવથી ફિક્સ પગારમાં કરવામાં આવેલ વધારો ક્યારથી કરવામાં આવશે? તે બાબતે ઉક્ત ઠરાવમાં સ્પષ્ટતા ન હોવાથી આ બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

***સુધારા ઠરાવ :-***

કાળજીપૂર્વક વિચારણાને અંતે, સંદર્ભ (૨) હેઠળના વિભાગના તા. ૧૭/૧૦/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવનો અમલ તા. ૦૧/૦૨/૨૦૧૭થી કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ અંગેની અન્ય વિગતો વિભાગના તા. ૧૭/૧૦/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૬/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( જે. એમ. મિસણ)**
અધિક સચિવ,
શિક્ષણ વિ

Scanned by CamScanner

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના. વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- મેનેજરશ્રી, ઇન્ડેક્ષ્ટ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી,I.F.M.S.,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.

Scanned by CamScanner